**ફોજદારી કેસ નં- ૫૭૦૧/૧૯૯૭**

# આંક- ૦૧ લગત હુકમ

હાલ નું કામ વંચાણે લીધુ.હાલ ના કામે એ.પી.પી.શ્રી દ્વારા કેસ પરત ખેચવા પરવાનગી માંગેલ છે. જે વિડ્રો પુરસીસ તથા તેમા દર્શાવેલ મે.કલેકટરશ્રી સુરત નો પત્ર જાવક નં-એમએજી/ડોરમેન્ટ કેસ/વશી-૭૮૩/૨૦૨૩,તા-૨૬/૦૪/૨૦૨૩ વંચાણે લીધો.ક્રિમીનલ પ્રોસીજર કોજ કલમ-૩૨૧ ની જોગવાઈ વંચાણે લીધી.હાલના કામે વિ.એ.પી.પી શ્રી મે.કલેકટર શ્રી સુરતના હુકમ મુજબ હાલનો કેસ પરત ખેચવા માંગતા હોય કેસના સંજોગો ધ્યાને લઈ પરવાનગી આપવામાં આવે છે.જેથી હાલ નો કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ-૩૨૧ (એ) અન્વયે ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીને બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ અંગે વચગાળાનો હુકમ કાયમ કરવામાં આવે છે.વિકલ્પે હુકમ કરવામાં આવેલ ન હોય તો નાશ થવા પાત્ર મુદામાલ નો નાશ કરવા તેમજ અન્ય મુદામાલ જાહેર હરાજીથી વેચાણ કરી ઉપજેલ રકમ સરકાર ખાલસા કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા-૧૩ મી મે સને-૨૦૨૩ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત ની સ્પેશ્યલ સીટીંગ માં જાહેર કર્યો.

મુ.સુરત.
તા.૧૩/૦૫/૨૦૨૩

(એ.જે.રાણા)
જી.જે.૦૦૮૯૫
૦૮ માં એડી.સીની. સીવીલ જજ અને
એ.સી.જે.એમ ., સુરત.